# 16. આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:**

### (1) ઉદારીકરણનો અર્થ આપી તેના લાભો જણાવો.

- **ઉદારીકરણ:**
  - → સરકાર ઔદ્યોગિક નીતિ દ્વારા ખાનગી ક્ષેત્ર પરના અંકુશો અને નિયંત્રણોમાં ક્રમશઃ ઘટાડો કરે અને દેશના આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરે તેને આર્થિક ઉદારીકરણની નીતિ કહે છે.
- **આર્થિક ઉદારીકરણના લાભ :**
- ભારતમાં આર્થિક ઉદારીકરણની નીતિ અમલમાં આવતાં નીચે મુજબ લાભ થયા છે:
  - → ઉદારીકરણના પરિણામે ખાનગી ક્ષેત્રને મુક્ત વિકાસની તકો પ્રાપ્ત થઈ, જેથી ઉત્પાદનમાં વધારો થયો છે.
  - → ઉદારીકરણની નીતિનો સ્વીકાર થવાથી વિદેશ વ્યાપારને બળ મળવાનું શરૂ થયું અને વિદેશ વ્યાપારમાં વૃદ્ધિ થઈ.
  - → વિદેશ વ્યાપારમાં વધારો થવાથી વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો થયો છે.
  - → દેશની આંતરમાળખાકીય સગવડોમાં વધારો થયો છે.

### (2) ખાનગીકરણના લાભો અને ગેરલાભો લખો.

- **ખાનગીકરણના લાભો નીચે પ્રમાણે છે:**
  - → દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદકીય એકમોની સંખ્યામાં વધારો નોંધાયો છે.
  - → મૂડીગત અને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં વધારો થયો છે.
  - → જાહેર ક્ષેત્રનાં એકમોનું ખાનગીકરણ થવાથી તેમની કાર્યક્ષમતામાં સુધારો થયો છે.
- **ખાનગીકરણના ગેરલાભો નીચે પ્રમાણે છે:**
  - → આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે, જેનાથી ઈજારાશાહીને વેગ મળ્યો છે.
  - → નાના ગૃહ ઉદ્યોગોનો વિકાસ યોગ્ય રીતે જ થઈ શક્યો નથી, માત્ર મોટા ઉદ્યોગોને જ લાભ મળ્યો છે.
  - → ભાવો અંકુશમાં રહ્યા નથી, જેથી ભાવવધારાની સમસ્યા સર્જાઈ છે.

### (3) પર્યાવરણની સુરક્ષા માટેનાં પગલાઓ જણાવો.

- વૈશ્વિક પર્યાવરણની સુરક્ષા માટે ઈ.સ. 1972માં સ્વીડનના સ્ટૉકહોમ શહેરમાં પ્રથમ વખત 'પૃથ્વી પરિષદ' નું આયોજન થયું. ત્યાર બાદ વખતોવખત વૈશ્વિક ધોરણે પર્યાવરણ અંગે જુદા જુદા અનેક

સંમેલનો અને શિબિરો યોજાયાં. તેમાં પર્યાવરણની સુરક્ષા માટે અનેક પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.

- ભારતમાં પર્યાવરણની સુરક્ષા માટે નીચે દર્શાવેલાં પગલાં ભરવામાં આવ્યાં છે:
- દેશના મુખ્ય શહેરોના પ્રદૂષણની માહિતી પ્રગટ કરવામાં આવે છે.
- પ્રદૂષણ પર નિયંત્રણ રાખવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવામાં આવી છે.
- વિશ્વભરમાં 5 જૂનના દિવસને 'પર્યાવરણ દિન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ભારતમાં પણ ખૂબ સક્રિયતા અને જવાબદારીપૂર્વક પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે.
- ઈ.સ. 1981માં ભારત સરકારે 'વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો' પસાર કર્યો છે.
- વાતાવરણમાં ઓઝોન વાયુના સ્તરનું ગાબડું, પરમાણુ કચરાનો નિકાલ અને જૈવિક વિવિધતાની જાળવણી માટે થયેલી વૈશ્વિક સમજૂતીઓનું પાલન કરવામાં આવે છે.
- દેશના લોકોમાં પર્યાવરણની જાળવણી માટે જાગૃતિ વધે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

### (4) ટકાઉ વિકાસની વ્યૂહરચના સમજાવો.

- ટકાઉ વિકાસ એટલે ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષવી.
- પ્રાકૃતિક સાધનોના સંરક્ષણ અને સંવર્ધન માટે ટકાઉ વિકાસની વ્યૂહરચના માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ:
- પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવાં પ્રાકૃતિક સાધનો જેવાં કે, ખેતીલાયક જમીન, જંગલો, જળસંપત્તિ વગેરેનો ઉપયોગ તેમની ગુણવતા જળવાઈ રહે તે રીતે અને જે પ્રાકૃતિક સાધનો એક જ વખત ઉપયોગમાં લઈ શકાય તેવાં છે – જેવાં કે કોલસો, પેટ્રોલિયમ પેદાશો, ખનીજો વગેરેનો કાળજીપૂર્વક ઉપયોગ કરવો.
- વાહનવ્યવહાર ખર્ચ ઓછું થાય તે રીતે ઉદ્યોગોનું સ્થાન નક્કી કરવું અને વાહનોમાં અને ઉદ્યોગોમાં પર્યાવરણમિત્ર ટેક્નોલૉજીનો ઉપયોગ વધે તેવા પ્રયાસો હાથ ધરવા.
- જે સાધનો એકથી વધુ ઉપયોગોમાં લઈ શકાય તેવાં હોય તેમને મહત્તમ ઉપયોગમાં લેવાં. જેમ કે જુદી જુદી સિંચાઈ યોજનાઓના એકથી વધુ ઉપયોગ. દા.ત., વીજળી ઉત્પાદન, પૂર-નિયંત્રણ, વાહનવ્યવહાર વગેરે.
- પ્રાકૃતિક સાધનોનો દુરૂપયોગ ન થાય તે જોવું. ઔદ્યોગિક કચરાનો બિનઆયોજિત નિકાલ, ઝેરી રસાયણો, વધતા જતા ગંદા વસવાટો અટકાવવા વગેરે ઉપર નિયંત્રણો મૂકવાં.
- ઉત્પાદનનાં તમામ ક્ષેત્રોમાં સૌર અને પવન ઊર્જા જેવી બિનપરંપરાગત ઊર્જાનો ઉપયોગ વધારવા પર ભાર મૂકવો.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) વૈશ્વિકીકરણના લાભો જણાવો.

- વૈશ્વિકરણના લાભો નીચે મુજબ છે:
- વૈશ્વિકીકરણના પરિણામે દેશમાં વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન મળે છે.
- વિકસિત દેશોમાં ઉત્પન્ન થતી ચીજવસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.
- ભારત જેવા વિકાસશીલ દેશો આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ટકી રહેવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

### (2) વિશ્વ-વ્યાપાર સંગઠનના ધ્યેયો લખો.

- સંયુક્ત રાષ્ટ્રોના સભ્ય-દેશોએ 1 જાન્યુઆરી, 1995ના રોજ વિશ્વ-વ્યાપાર સંગઠન (WTO – World Trade Organization)ની સ્થાપના કરી હતી.
- આ સંસ્થાનું વડું મથક સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવા શહેરમાં આવેલું છે.
- વિશ્વ-વ્યાપાર સંગઠનનાં મુખ્ય ધ્યેયો નીચે મુજબ છે:
  - → વિશ્વના દેશો વચ્ચે વ્યાપારના અવરોધો દૂર કરવા.
  - → વિદેશ વ્યાપાર માટે દેશના ઉદ્યોગોને આપવામાં આવતું સંરક્ષણ દૂર કરવું.
  - → વૈશ્વિક વ્યાપાર નીતિ સાથે દેશની આર્થિક નીતિઓનું સંકલન સાધવું.
  - → વિશ્વમાં ઉદ્ભવતા વ્યાપારી ઝઘડાઓનું નિરાકરણ લાવવું.

### (3) ખાનગીકરણના માર્ગો જણાવો.

- **ખાનગીકરણના બે માર્ગો નીચે પ્રમાણે છે:**
  - → (1) પહેલાં જે ક્ષેત્રો જાહેરસાહસો માટે અનામત રાખ્યાં હોય તે ક્ષેત્રો ખાનગી વિભાગ માટે ખુલ્લાં મૂકવામાં આવે છે.
  - → (2) રાજ્ય હસ્તકની કંપનીઓની માલિકી રાજ્ય પોતાની પાસે રાખે અને સંચાલન ખાનગી કંપનીને સોંપે છે અથવા સંચાલન રાજ્ય પોતાની પાસે રાખે અને માલિકી ખાનગી કંપનીને સોંપે છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો:

### (1) વૈશ્વિકીકરણની સંકલ્પના સમજાવો.

- વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા કે જેના પરિણામે વસ્તુઓ, સેવાઓ, ટેકનોલૉજી અને શ્રમનો પ્રવાહ વિશ્વમાં સરળતાથી પ્રાપ્ત થઈ શકે.

### (2) ભારતમાં આર્થિક સુધારાઓનો અમલ ક્યારે થયો?

- ભારતમાં આર્થિક સુધારાઓનો અમલ ઈ.સ. 1991માં થયો.

### (3) વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના ક્યારે થઈ?

- વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના 1 જાન્યુઆરી, 1995ના રોજ થઈ.

**(4) ટકાઉ વિકાસની સંકલ્પના સમજાવો.**

- ટકાઉ વિકાસ એટલે ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકશાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષવી.
- ટકાઉ વિકાસમાં પર્યાવરણીય સંસાધનોની કાયમી જાળવણી પર ભાર મૂકાયો છે.

**પ્રશ્ન 4: નીચેના પ્રશ્નોના ઉત્તરો આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી આપો:**

**(1) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડું મથક ક્યાં આવેલું છે ?**

(A) સ્ટૉકહોમ

(B) જીનીવા

(C) લંડન

(D) કોલકાતા

**(2) પર્યાવરણીય જાગૃતિ અંગે 'પૃથ્વી પરિષદ' કઈ સાલમાં યોજવામાં આવી?**

(A) 1972

(B) 1951

(C) 1992

(D) 2014

**(3) વિશ્વમાં કયા દિવસને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઊજવવામાં આવે છે?**

(A) 8 માર્ચ

(B) 11 જૂન

(C) 5 જૂન

(D) 12 માર્ચ

**(4) દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા એટલે ........................**

(A) ખાનગીકરણ

(B) વૈશ્વિકીકરણ

(C) ઉદારીકરણ

(D) એક પણ નહિ